અપીલ અરજી નં.૧૦૯ તા.૮–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ઉમરભાઈ અબ્દુલસત્તાર કાપડીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઉમરભાઈ અબ્દુલસત્તાર કાપડીયાની તા.૨૬–૪–૧૧ ની અરજીથી (૧) વોર્ડ નં.૧૦ નોંધ નં. ૨૫૨૨,૨૫૨૩ અને ૨૫૨૪ થી નોંધાયેલ મિલ્કત ટેના. ૧૦બી–૧૭ –૦૫૬૧–૦–૦૦૧ થી નોંધાયેલ છે. તેમાં આવેલ નવ ફલેટ તથા નવ દુકાન કયા ટેનામેન્ટ નંબરથી ચાલી આવેલ છે તેની માહિતિ માળ વાઈઝ, ફલેટ વાઈઝ અને દુકાન વાઈઝ આપવા અંગે. વિ.મુદ્દા નં.બી થી એફ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૮–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૯/૨૦૧૧–૧૨

શ્રી ઉમરભાઈ અબ્દુલસત્તાર કાપડીયાની તા.૨૬–૪–૧૧ ની અરજીથી (૧) વોર્ડ નં.૧૦ નોંધ નં. ૨૫૨૨,૨૫૨૩ અને ૨૫૨૪ થી નોંધાયેલ મિલ્કત ટેના. ૧૦બી–૧૭ –૦૫૬૧–૦–૦૦૧ થી નોંધાયેલ છે. તેમાં આવેલ નવ ફલેટ તથા નવ દુકાન કયા ટેનામેન્ટ નંબરથી ચાલી આવેલ છે તેની માહિતિ માળ વાઈઝ, ફલેટ વાઈઝ અને દુકાન વાઈઝ આપવા અંગે. વિ.મુદ્દા નં.બી થી એફ ની માહિતિ આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ./૨૯૯ તા.૨૬–૫–૧૧ થી આપેલ માહિતિ અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૭ તા.૧૪–૬–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૨૫ તા.૨૨–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૯૯ તા.૨૬–૫–૧૧ ના પત્રની નકલ, તા.૩૦–૫–૯૯ નુંબાંધકામ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્રની નકલ, ટેના નં.૧૦બી–૧૭–૦૫૬૧–૦–૦૦૧ સને ૧૯૯૮–૯૯ ના બીલની નકલ તથા રસીદની નકલ ,કાપડીયા મહંમદમીયા ઈબ્રાહીમના રેશન કાર્ડની નકલ, મહંમદ ઐયુબ ઈબ્રાહીમ કાપડીયા ના રેશનકાર્ડની નકલ, અબ્દુલ સત્તાર બચુભાઈ કાપડીયાના રેશનકાર્ડની નકલ,અમિતભાઈ બચુભાઈ કાપડીયાના રેશન કાર્ડની નકલ અલ્લારખ્ખા બચુભાઈ કાપડીયાના રેશનકાર્ડની નકલ, સત્તાર કાપડીયાના લાઈટબીલની નકલ, અલ્લારખા બચુભાઈ કાપડીયાના લાઈટબીલની નકલ, અમીનાબેન બચુભાઈ કાપડીયાએ કરેલ કૌટુંબિક વહેંચણી કરારની નકલ, ૧૦બી–૧૭–૧૫–૬૧–૦–૦૦૧ ના અસલપત્રકની નકલ, સદર ટેનામેન્ટના રીકવીઝેશન ફોર્મની નકલ , સદર ટેનામેન્ટના ખાસ નોટીસ નં.૨૧૨ તા. ૨૪–૭–૯૯ ની નકલ, સદર ટેનામેન્ટના એસેસમેન્ટ રજીસ્ટરની નકલ, સદર ટેનામેન્ટના ૯૦–૯૧ ના ભાડુત દાખલ અંગેના તુમારની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૬–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ એ થી એફ સુધીની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૯૯ તા.૨૬–૫–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેના સંદર્ભે અરજદાર તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા નિર્ણયથી નારાજ થઈ તા.૮–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે દુકાનોના પુરાવા કયા દસ્તાવેજના આધારે નામ દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી તથા નકલો આપેલ નથી. તેમજ આખી મિલ્કતનો વેરો કોના નામે આવે છે સદર નામો કયા દસ્તાવેજના આધારે દાખલ કરવામાં આવેલ છે તેમજ નામ ટ્રન્સફર માટે કરવામાં આવેલ અરજીની નકલ તેની દાદ માંગવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.એ શહેર સુરતના ભાગાતળાવ વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર–૧૦ નોંધ નં.૨૫૨૨,૨૫૨૩ અને ૨૫૨૪ થી નોંધાયેલ જમીન ઉપર આપવેલ ઈમારત " અમીના મંઝીલ" ના નામાથી ઓળખાય છે. સદર જમીન તથા અમલાઈમારત સહિતની મિલ્કતમાં હમો અરજદારનો મુસ્લિમ શરીયત મુજબ વણવહેંચાયેલ વારસાઈ હકક, હિસ્સો કબ્જો ભોગવટો ચાલી આવેલ છે. સદર આખી મિલ્કત ભોંયતળીયા વત્તા ત્રણ માળ વાળી ચાલી આવેલ છે જેમાં ભોંયતળીયે નવ દુકાન તથા દરેક ફલોર ત્રણ ત્રણ ફલેટ આવેલ છે એમ કુલ નવ ફલેટ આવેલ છે. જે પૈકી હમો બીજા માળ આવેલ ફલેટમાં આશેર દસ વર્ષ ઉપરાંતના સમયથી હમારા પરીવાર સાથે રહેતા આવેલ છે. જે અંગે અરજદારે માહિતી નહીં પણ મિલ્કતનું વર્ણન કરેલ છે. (બી) સદર આખી મિલ્કત સુરત મહાનગપાલિકાના આકારણીદફતરે ટેના નં.૧૦બી–૧૭–૦૫૬૧ થી નોંધાયેલ છે. પરંતુ સદર આખી મિલ્કતમા આવેલ નવ દુકાન તથા નવ ફલેટના માળ પ્રમાણે કયા કયા ટેનામેન્ટ નંબર ચાલી આવેલ છે તેની માહિતી માળ વાઈઝ ફલેટ વાઈસ તથા દુકાન વાઈઝ આપવા વિનંતી. (સી) સદર આખા મિલ્કતમાં આવેલ દુકાનો તથા ફલેટોના વેરા કોના કોના નામે ચાલી આવેલ છે તેની માહિતી આપવા વિનંતી. તેમજ સદર નામો કયા કયા દસ્તાવેજી પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ તેની નકલ તથા નામ ટ્રાન્સફર માટે કરેલ અરજીની નકલ આપવા વિનંતી. (ડી) સદર મિલ્કતમાં આવેલ ફલેટો પૈકી ટેના નં.૧૦બી–૧૭–૦૫૬૧–૦–૦૧૩ થી નોંધાયેલ ફલેટ કયા માળે અને કઈ દિશાએ આવેલ ફલેટ છે તેની માહિતી તગા સદર ટેના નંબરથી નોંધાયેલ ફલેટ કબ્જેદાર તરીકે ઐયુબ ઈબ્રાહીમના નામે કેવી રીતે કયા આધાર પુરાવાથી દાખલ થયેલ તેની

માહિતી આપવી. સદર મિલ્કતમાં હમો કુટુંબીઓ વચ્ચે ભાગલા પડેલ નથી અને વહેંચણ થયેલ નથી તો સદર નામ કયા પુરાવાના આધારે દાખલ થયેલ તેની માહિતી આપવી. હમો અરજદાર સદર મિલ્કતમાં આવેલ ઉપરોકત ટેના નંબર વાળા ફલેટમાં વર્ષોથી રહેતા આવેલ છે અને કબ્જામાં છે તે હમો અરજદારના કબ્જાવાળા સદર ફલેટમાં છે તો ઈબ્રાહીમનું નામ કયા આધાર પુરાવા અને અરજીથી દાખલ થયેલ તેની નકલ તથા માહિતી આપવા વિનંતી. તેવા મુદ્દા નં.બીસીડીના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી વોર્ડ નં.૧૦ નોંધ નં.૨૫૨૨,૨૫૨૩,૨૫૨૪ થી નોંધાયેલ મિલ્કતમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ દુકાનો તથા પહેલા, બીજા અને ત્રીજા માળે આવેલ ફલેટો ટેના નં.૧૦બી–૧૭–૦૫૬૧–૦–૦૦૧ થી ૦૧૩ ઉપર દાખલ છે તેમજ ફલેટ/દુકાનો પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે અમીનાબાઈ વિડો ઓફ બચુભાઈ તૈયબભાઈ , અલ્લારખાં વિગેરે નામે નોંધાયેલ છે અને તેના કબ્જેદારોની માહિતી અંગે એસેસમેન્ટની નકલો મોટા પાના નંગ–૬ ના રૂા.૨૪/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. વધુમાં સને ૧૯૯૯–૨૦૦૦ માં અમીનાબાઈ વિડો ઓફ બચુભાઈ તૈયબભાઈ તરફથી વધારાના બાંધકામ તેમજ મિલ્કતની વહેંચણી અંગે રજૂ કરેલ પુરાવાઓને આધારે તમામ ટેના નંબરો ઉપર કબ્જેદાર તરીકે નામો દાખલ કરવામાં આવેલ છે. સદર પુરાવા પાના નંગ–૩૨ ના રૂા.૬૪/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ. (ઈ) સદર મિલ્કતમાં કેટલા માળ સુધી બાંધકામની પરવાનગી મળી શકે તેમજ કેટલો એફ.એસ.આઈ બાકી છે તેની માહિતી અપાવા વિનંતી. જો સદર મિલ્કતમાં ચોથા માળે બાંધકામ કરવું હોય તો કાર્યવાહી કરવી પડે અને કયા ખાતા તથા અધિકારી પાસે કાર્યવાહી કરવાની હોય છે અને શું પેપર વર્ક કરવાનું હોય તેની માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતે બાંધકામ કરવા જોગ પેપરની માહિતી મેળવવા હાલમાં પ્રવર્તમાન પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ અધિનિયમ ની નકલ સુડા ભવન ખાતેથી મેળવી લેવી. તેવું જણાવેલ છે. (એફ) આરટીઆઈ એકટ હેઠળ આપને મળેલ સદર અરજીના અનુસંધાને આપના તરફથી મળેલ માહિતીથી વિરુધ્ધ અપીલ કરવી હોય તો તે એપેલેટ ઓથોરીટી યાને અપીલ અધિકારીનું નામ તથા સરનામું આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ અધિકારી તરીકે શ્રી પી.જે.ઝાલા ડે.કમિ.(સ્પે.) સરનામુંઃ– રૂમ નં.૪૫ પ્રથમ માળ, સુરત મહાનગપાલિકા , મુગલીસરા, સુરત. ફો નં.૨૪૨૨૨૨૧. આમ અરજદારને મુદ્દા નં.બી થી એફની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે માંગેલ અપીલના દાદમાં દુકાનો તથા ફલેટોના વેરા કોના નામે ચાલી આવે છે તથા સદર નામો કયા દસ્તાવેજી પુરાવાના આધારે દાખલ કરેલ છે તેવી માહિતી મેળવવાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ પૂરક વિગતોમાં " અરજદારશ્રી ધ્વારા તા.૨૬–૪–૧૧ ના રોજ કરવામાં આવેલ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલઝોન ધ્વારા તા.૨૬–૫–૧૧ ના રોજ પત્ર ક્રમાંક સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૯૯ થી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ વોર્ડ નં.૧૦ નોંધ નં.૨૫૨૨, ૨૫૨૩,૨૫૨૪ થી નોંધાયેલ મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોરથી બીજા માળ સુધી આવેલ દુકાનો/ફલેટની ફલોર વાઈઝ ટેના નંબરવાઈઝ તેમજ ભાડુત /કબ્જેદારોના નામો સાથેની માંગેલ તમામ માહિતી અંગે એસેસમેન્ટ રજીસ્ટરના ઉતારાની નકલો મિલ્કતનો વહેંચણી કરાર વિ. અરજદારશ્રીને તા.૧–૬–૧૧ ના રોજ રૂબરૂ પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની ભોંયતળીયામાં દુકાનો કયા આધારે દાખલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અત્રે રજૂ કરેલ તા.૧૮–૯–૮૭ નું રીકવીઝેશન ફોર્મનો આધાર તથા રજૂ કરેલ જનતા માર્કેટ ૧૦/૨૫૨૨ અને ૨૩ ના લાઈટબીલના આધારો રજૂ કરેલ છે. જે અરજદારને રસીદ નં.૩૦૯૨૧૧ તા.૩૧–૫–૧૧ ના રોજ રૂા.૮૮/– ભરપાઈ કરી મેળવેલ માહિતીમાં પૂરી પાડવામાં આવેલ છે આથી અરજદારની દુકાનો કયા આધારે દાખલ કરવામાં આવેલ તેવી માહિતી આપવામાં આવેલ નથી તેવા દાવાને સમર્થન મળતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૪–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે પૂરી પડાયેલ હોઈ અરજદારની અપીલ અરજી અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઉમરભાઈ અબ્દુલસત્તાર કાપડીયા,